# સાસુ વહુ વચ્ચે કંકાશ થાય છે? તો એમની વચ્ચે સુમેળ સાધવાની ચમત્કારિક ગુરૂચાવી

**- ૐ ઋષિ પ્રિતેશભાઇ**

આજે દુનિયાનો સૌથી રસપ્રદ અને વિવાદાસ્પદ વિષય ઉપર હું લખી રહ્યો છું. સંસારચક્રનાં રંગમંચ ઉપર બે મુખ્ય કલાકાર છે. સાસુ અને વહુ. સાસુ અને વહુ આ બે પાત્રો 92 ટકા વિખવાદ વગર જીવતા હોય એ શક્ય જ નથી. 8 ટકા જ એવા સાસુ-વહુ હશે જે માં-દીકરીની જેમ રહેતા હશે અને જે સાસુ-વહુ એ 8 ટકા માં આવતા હોય એમને આગળ લેખ વાંચવાની પણ જરૂર નથી. સંસારચક્રનાં રંગમંચ ઉપર ઘરનાં મુખ્ય વડીલ વ્યક્તિ હોય એનું સિંહાસન ત્યારે જ ડોલવા માંડે જ્યારે આ બન્ને પાત્રો વચ્ચે ઘર્ષણ ઊભુ થાય. લગભગ એવું જોવામાં આવ્યું છે કે સાસુ-વહુનાં ઝઘડાનાં કારણે કુટુંબમાં તિરાડ અને દરાડ પડે છે. સાસુ અને વહુ તરીકે પોતપોતાની જગ્યાએ રહેતી બંન્ને સ્ત્રીઓ હ્રદયથી બહુ સારી અને ઉમદા હોય છે. પરંતુ જ્યારે સાસુ અને વહુનાં રોલમાં આવી જાય ત્યારે ભારત અને પાકિસ્તાન જેવી મહાયુદ્ધની પરિસ્થિતિ સર્જાય છે. મારા આ લેખનાં માધ્યમથી હું સાસુ અને વહુ વચ્ચે સુમેળ કરાવી શક્યો અને મા-દીકરીની જેમ રહેતા કરી શક્યો તો મને ગૌરવ આપવામાં દુનિયામાં કોઇપણ પુરૂષને વાંધો નહિ હોય એવું હું છાતી ઠોકીને કહી શકું છું. કારણ કે પુરૂષ બિચારો પતિ અને દીકરાની ભૂમિકા ભજવતા ભજવતા બંન્નેની વચ્ચે સેન્ડવીચની જેમ પીસાઇ જાય છે અને એની માનસિક પરિસ્થિતિ દયાજનક થાય છે. બિચારો માં ને કંઇ કહી ના શકે અને પત્ની નામના વાવાઝોડાને સમજાવી ના શકે.

મેં મારા 20 વર્ષનાં જીવનકાળ દરમિયાન ખૂબ જ મોટા યક્ષપ્રશ્નો સરળતાથી અને સહજતાથી ઉકેલ્યા છે. પરંતુ સાસુ-વહુનાં પ્રશ્નો ઉકેલતા દરેક વખતે હું જીવનનું નવું સમીકરણ જ સમજ્યો છું અને એનો સંપૂર્ણ યશ દુનિયાની દરેક સાસુ અને વહુને આપુ છું. હું દુનિયાની દરેક સાસુને નમ્રતા સાથે એવું સમજાવવા માંગુ છું કે વહુને જ્યારે પરણીને ઘરમાં લાવો ત્યારે દરેક વહુને 12 મહિનાનો સમય એને શીખવા-સમજવા માટેનો આપો અને એનાથી થયેલી ભૂલોને એવૂં સમજીને ભૂલી જાઓ કે આની જગ્યાએ તમારી પોતાની દીકરી હોત તો તમે શું કરત? બસ ફક્ત એટલું જ યાદ રાખો કે એ વહુ નથી તમારી દીકરી જ છે અને દીકરીને જેમ શીખવાડતા હોય એમ શીખવાડો કે કાચનો ગ્લાસ છે તો પડે તો તૂટી પણ જાય કંઇ વાંધો નહિ, નવો ગ્લાસ આવશે. જ્યારે ખરેખર એવું બનતું હોય છે કે બુદ્ધિ નથી ચાલતી, તારી માં એ તને કાચનો ગ્લાસ પણ પકડતા શીખવાડયું નથી? તારી માં એ તને રસાઇ કરતા શીખવાડયું નથી? તારી માં એ મહેમાનને આવકારો આપતા શીખવાડયું નથી? જો સાસુ આવુ ના બોલે અને એટલું જ બોલે કે બેટા કશું ના આવડે તો ચિંતા ના કરીશ હું તને બધુ ધીમે ધીમે શીખવાડી દઇશ. જ્યારે વહુને પણ આજનાં યુગમાં એવોર્ડ આપવા જેવો નથી. એ પણ સાસુને માં તરીકે ગણવાને બદલે અને પોતાના સસરાને પોતાનું ઘર માનવાને બદલે પોતાના પિયરપક્ષને જ પોતાનું ઘર લગ્ન પછી પણ માને છે અને દરેક વખતે એમ કહી ઊભી રહે કે મારે શું કામ બોલવું પડે? મારૂં તો ક્યાં ઘર જ છે આ? હું દરેક વહુને

નમ્ર વિનંતી સાથે સમજાવવા માંગુ છું કે લગ્ન પછી સાચું ઘર સાસરું જ છે, પિયર નહિ, તમે તમારા ઘર સંસારને તોડવાનું કામ ન કરો. જ્યારે તુટે ત્યારે સમાજમાં એક ઘરડા ઘર આકાર લે છે. સમાજમાં દુનિયાની દરેક વહુ ઇચ્છે કે ઘરડા ઘરની પ્રથા સંપૂર્ણપણે બંધ કરવી છે તો એ પુણ્યનું કામ દુનિયાની દરેક વહુંનુ જ છે. બસ, આ જ રીતે સાસુ-વહુનાં અનેક પ્રશ્નો ઊભા થાય છે.

આવો જ એક પેચીદો પ્રશ્ન 2007માં મારી પાસે આવ્યો હતો. હું મુંબઇમાં બોરીવલીમાં 2007માં હતો ત્યાં સાસુ અને વહુ બંન્ને મારી પાસે આવ્યા. સાસુ અને વહુ એકસાથે કોઇ ગુરૂ પાસે જાય એવા બહુ ઓછા બનાવ હોય છે માટે આ સત્ય ઘટનાને આપની સમક્ષ રજુ કરું છું. સાસુએ કીધું કે ગુરૂજી જ્યારથી આ પરણીને ઘરમાં આવી છે ત્યારથી અમારા ઘરમાં હોળી જ ચાલે છે. સારા પ્રંસગોએ મારી વહુ હંમેશા ઝઘડો જ કરે છે. વહુ વચ્ચે તરત જ બોલી ગુરૂજી ઝઘડાં હું નહિ મારા સાસુમાં કરે છે. એમને ઘરમાં એમનું વર્ચસ્વ ચલાવું છે અને મને નોકરાણીની જેમ રાખવી છે. વહુ આગળ બોલી, દરેક કામમાં મારા સાસુ વચ્ચે વચ્ચે દખલગીરી કરે છે. રસોઇ બનાવેલી વધે તો તરત જ બોલે કે ખબર નથી પડતી માપનું રાંધીએ. અત્યારે કેટલી મોંઘવારી છે. મારા પિયરમાંથી કોઇ આવે તો તે તેમને ગમે નહિ. આવા કંઇ કેટલાય મુદ્દા છે જેનાં લીધે મને ગુસ્સો આવી જાય છે અને પછી હું જેમ ફાવે તેમ વર્તન-વ્યવહાર કરું છું. મેં સાસુ અને વહુની સામસામી દલીલો સાંભળી. ત્યારબાદ સાસુને કહ્યું કે આ જગ્યાએ તમારી દીકરી હોય તો તમે આમ બોલો ખરા? વહુ તો ઘરની લક્ષ્મી કહેવાય અને લક્ષ્મીને દુઃખી કરીએ તો ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ ક્યારેય ટકતી નથી. આ જ રીતે મેં વહુને કહ્યું કે તમારા સાસુની જગ્યાએ તમારી મમ્મી હોય તો શું તમે આવું વર્તન કરો ખરા? આવી રીતે મેં સાસુ અને વહુ બંન્ને ને સમજાવી. એ પછી આવા પ્રકારનાં નાના-મોટા ક્લેશ કંકાશથી દૂર રહી શકાય અને ઘરમાં સુખ-શાંતિની ખૂશ્બુ પ્રસરે તે માટે મેં તેમને મંત્રસાગરમાંથી એક મંત્રરૂપી મોતી આપ્યું.

ત્યારપછી બરાબર 6 મહિના પછી જ્યારે હું મુંબઇનાં પ્રવાસે હતો ત્યારે એ સાસુ-વહુ બંન્ને હસતા મુખે મારી પાસે આવ્યા અને મારો ખૂબ ખૂબ આભાર માન્યો અને મને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને કહ્યું કે ગુરૂજી હવે અમારા વચ્ચે કોઇ ક્લેશ-કંકાશ રહ્યો નથી. આપના આપેલા વચનોથી અને મંત્રથી અમારા ઘરનું વાતાવરણ આજે મંદિર જેવું બની ગયું છે. અમારા ઘરમાં સુખ-શાંતિની લહેર પ્રસરી ગઇ છે. આજે અમારા ઘરમાં કોઇ જાતની ખોટ નથી.

તમને પણ આ મંત્ર જાણવાની ઉત્સુક્તા થતી હશે. હવે હું સાસુ-વહુનાં સંઘર્ષ ઘરમાં ન રહે અને તેમની વચ્ચે સુમેળ સધાય તેવો ગુરૂચાવીરૂપ ચમત્કારિક મંત્ર આપુ છું. આ મંત્ર કુટુંબની કોઇપણ વ્યક્તિ કરી શકે.

મંત્રઃ || ૐ ત્રુમાંશુ ત્રુમાંશુ મહિતા મહિતા વવલ્ય નમઃ ||

આ મંત્ર રોજ 45 વખત તેમજ ૐકાર ચાલીસા સવારે 6.30 થી 9.30 અથવા રાત્રે 7.30 થી 11.30 દરમ્યાન ગણીને અભિમંત્રિત જળ પી લેવું. મંત્ર ગણતા પહેલા સ્ટીલની વાડકીમાં પાણી લઇને બેસવું અને મંત્ર બોલતી વખતે જમણા હાથની અનામિકા આંગળી પાણીમાં રાખવી. જેથી પાણી અભિમંત્રિત થયું કહેવાય. મંત્ર ૐકાર ચાલીસા કર્યા બાદ અભિમંત્રિત જળ થોડું પોતે પીવું અને બાકીનું જળ ઘરમાં

છંટકાવ કરી દેવું. આ મંત્રથી તમારા જીવનમાં, તમારા ઘરમાં સુખ-શાંતિ અને એક નવા આનંદ-ઉલ્લાસની સુગંધ ફેલાશે.

|| ૐ નમઃ ||